
ISSN 2250-1517

સપ્ટેમ્બર-ઓક્ટોબર 2014
વર્ષ-6 • અંક-5
કુલ પાનાં : 60+4
કિંમત ₹ 20

# આદિલોક

આદિવાસી અસ્મિતા, અખંડિતતા અને અધિકારને સમર્પિત સામયિક

રાષ્ટ્રીય આદિવાસી મહોત્સવ વિશેષાંક



# અંદાજપત્રમાં આદિવાસીઓ માટેની જોગવાઈ અને ધારાસભ્યોના પ્રતિભાવો

હેમરાજ રાણા

**વનબંધુઓના વિકાસની વનબંધુ કલ્યાણયોજના હવે સમગ્ર દેશમાં અમલી બને તે માટે ભારત સરકારે નિર્ણય લીધો છે. જે ગુજરાતની સિદ્ધિ દર્શાવે છે. આદિજાતિ વિકાસ વિભાગની અંદાજપત્રીય માગણી પરની ચર્ચા દરમિયાન આદિવાસી ધારાસભ્યઓ દ્વારા કરવામાં આવેલી ચર્ચા, રજૂઆત, ફરિયાદ આ પ્રકારની હતી.**




તા.૨૩-૦૭-૨૦૧૪ના રોજ ગુજરાત વિધાનસભામાં આદિવાસી વિકાસવિભાગનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું હતું. આદિવાસી વિકાસવિભાગની અંદાજપત્રીય માંગણીઓની ચર્ચા અંતર્ગત આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ગણતપભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, રાજયના ૧૫ જિલ્લાનાં ૪૭ જેટલાં તાલુકામાં વસતાં રાજયની કુલ વસ્તીનાં ૧૫ ટકા એટલે કે ૯૦ લાખ આદિવાસીઓમાં સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળની રાજય સરકારે જે કામગીરી કરી છે તેની દુનિયા એ નોંધ લીધી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે અંબાજીથી ઊમરગામ સુધીના રાજયની પૂર્વ પટ્ટીમાં વસતાં વનબંધુઓના કલ્યાણ માટે રાજય સરકારે અનેકવિધ પગલાં ભર્યાં છે. તેમણે જણાવ્યું હતું કે, આદિજાતિ વિકાસવિભાગ હેઠળ ગત વર્ષ કરતાં ૪૪ ટકાના વધારા સાથે વર્ષ ૨૦૧૪-૧૫માં રૂા.૧૩૭૭.૭૦ કરોડનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રૂા.૩૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વનબંધુઓના કલ્યાણ માટે આ રાજય સરકારે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે પાંચ વર્ષ માટે રૂા.૧૫,૦૦૦ કરોડની વનબંધુ કલ્યાણયોજના અમલમાં મૂકી હતી. આ યોજના અંતર્ગત રૂા.૧૭,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ કર્યો અને આવતાં પાંચ વર્ષમાં ફેઝ-૨ માટેની વનબંધુ કલ્યાણયોજના માટે રૂા.૪૦,૦૦૦ કરોડ ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

મંત્રીશ્રીએ ન્યુ ગુજરાત પેટર્ન અંગે માહિતી આપતાં જણાવ્યું કે રાજ્ય સરકારે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલના નેતૃત્વ હેઠળ ગતિશીલ ગુજરાત - ૧૦૦ દિવસનો સંકલ્પ લઈને ૧૦૦ દિવસમાં જ વધારાનાં ૫૦૦૦ હજાર વનઅધિકાર અધિનિયમ હેઠળ અધિકારપત્રો આપવાનો સંકલ્પ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે આદિજાતિનાં વિકાસકામો માટે સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને લોકભાગીદારીથી તાલુકા સમિતિ દ્વારા નિર્ણયો લેવાય તે માટે ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત છેલ્લા એક દાયકામાં રૂા.૩૩૪૩ કરોડના ખર્ચે ૫૯૬૮૦ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. આ અંતર્ગત વર્ષ ૨૦૧૪-૧૫ માટે રૂા.૩૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે.

મંત્રીશ્રી ગણપતભાઈએ જણાવ્યું હતું કે, જંગલની જમીનો ખેડતા આદિવાસી ભાઈઓને જમીન આપવાનું કામ કરનારી ગુજરાતની ભાજપ સરકાર દેશભરમાં અગ્રેસર છે. વનઅધિકાર અધિનિયમના અમલ પછી રાજ્ય સરકાર દ્વારા ૯૪૦૬૧ એકર જંગલની જમીન માટે ૬૩૨૧૯ લાભાર્થીઓને આદેશપત્રો - અધિકારપત્રો આપવામાં આવ્યા છે. ૩૬૮૮ સામુદાયિક દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે જેની સામે ૮૦૩૫૫૧ એકર વન જમીનના અધિકારો આપવામાં આવ્યા છે. સામુદાયિક દાવા માન્ય રાખનારું ગુજરાત રાજ્ય સમગ્ર દેશમાં બીજા ક્રમે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ રાજ્ય સરકારે હળપતિ અને આદિમજૂથની અતિ પછાત જાતિઓ માટે રસ્તા, પાણી, આવાસ, વીજળી, શિક્ષણ અને આર્થિક ઉત્કર્ષ માટે રૂા.૩૮.૮૫ કરોડની જોગવાઈ આ વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, આ રાજ્યમાં વનબંધુ કલ્યાણયોજનાના અમલ પહેલાં રાજ્યના આદિજાતિ વિસ્તારના ૪ ટકા પરિવારોને ઘરઆંગણે પીવાના પાણીની સુવિધાઓનો લાભ મળતો હતો, હવે ૪૬ ટકા આદિવાસીઓને ઘરના આંગણે પીવાના પાણીની સુવિધા મળે છે. આદિવાસી ફળિયામાં ઘરે ઘરે નળ જોડાણોથી સુવિધા મળે તે માટે રૂા.૨૦ કરોડના અંદાજપત્રમાં જોગવાઈ કરી છે. કેન્દ્ર સરકારની યોજનામાં ૨૫૦ વ્યક્તિએ એક હેન્ડપંપ જ્યારે ગુજરાત સરકારની યોજનામાં ૫૦ વ્યક્તિએ એક હેન્ડપંપ મંજૂર કરવામાં આવે છે.

મંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું હતું કે, વનબંધુઓના વિકાસની વનબંધુ કલ્યાણયોજના હવે સમગ્ર દેશમાં અમલી બને તે માટે ભારત સરકારે નિર્ણય લીધો છે. જે ગુજરાતની સિદ્ધિ દર્શાવે છે. આદિજાતિ વિકાસ વિભાગની અંદાજપત્રીય માગણી પરની ચર્ચા દરમિયાન આદિવાસી ધારાસભ્યઓ દ્વારા કરવામાં આવેલી ચર્ચા, રજૂઆત, ફરિયાદ આ પ્રકારની હતી.




**(૧) અશ્વિનભાઈ કોટવાલ (ખેડબ્રહ્મા)**

ધારાસભ્યશ્રી અશ્વિનભાઈ કોટવાલે વિધાનસભામાં ચર્ચા દરમિયાન ખૂબ જ ધારદાર અને આક્રમક રજૂઆતો કરી હતી. અશ્વિનભાઈએ કહ્યું હતું કે, ભાજપ સરકાર થોડાં વરસોથી આદિવાસીઓને વનબંધુ

તરીકે ઓળખાવે છે. પહેલાં અમને વનવાસી બનાવ્યા... પછી વનબંધુ બનાવ્યા. પરંતુ અમારા સમાજના સર્વાંગી વિકાસ માટે તો સરકાર કોઈ યોજનાઓ બનાવતી નથી. તમે અમને વનવાસી કે વનબંધુ બનાવ્યા વિના આદિવાસી જ રહેવા દો.

આદિવાસીઓને અપાતા જમીન અધિકારપત્રોમાં નામ હોય તેવા આદિવાસી ખેડૂતોના ૭-૧૨ના ઉતારામાં નામ લખાતાં હોવાના સરકારના દાવાને પડકારતાં તેમણે કહ્યું કે, 'જો ૭-૧૨ના ઉતારામાં નામ લખાતાં હોય તો તેઓ ધારાસભ્યપદેથી રાજીનામું ધરી દેવા તૈયાર છે.'

તેમણે વધુમાં જણાવ્યું કે, આદિવાસી કલ્યાણની કરોડોની ગ્રાન્ટ એનજીઓને સોંપીને પોતાના મળતિયાઓનાં 'અચ્છે દિન' ભાજપ સરકાર ઊજવી રહી છે. તમામ કૃષિયોજનાઓ ખાનગી કંપનીઓને સોંપી દેવાઈ છે. આદિવાસી વિસ્તારમાં વિકાસકામો માટેનો આખો વિભાગ નાબૂદ કરીને રૂા.૧૫૦૦૦ કરોડ ઉત્તરપ્રદેશ-બિહારના કર્મચારીઓથી ચાલતા ડી-સેગને આપી દેવાયો છે. ગુજરાતનાં આદિવાસીઓના ભોગે ચાલતા ડી-સેગનાં ઉત્તરપ્રદેશ-બિહારી ભાઈઓને આદિવાસીઓનાં મકાનો પણ રહેવા માટે સોંપી દેવાયાની ફરિયાદો કરવા છતાંયે સરકાર કોઈ કાર્યવાહી કરતી નથી.




**(૨) ધીરૂભાઈ ભીલ (સંખેડા)**

ધીરૂભાઈ ભીલે રજૂઆત કરી હતી કે, કોંગ્રેસની સરકાર વખતે બનેલા આદિજાતિ વિકાસનિગમની બાબત આજે બદતર થઈ ગઈ છે, ૯૦ ટકા સ્ટાફની ઘટ છે, શું સરકારને આદિવાસીઓ પ્રત્યે કોઈ લાગણી જ નથી?

**(૩) ચંદ્રિકાબહેન બારિયા (દેવગઢબારિયા)**



ચંદ્રિકાબહેન બારિયાએ ગુજરાતમાં ૧૬.૫૦ ટકા આદિવાસી સમાજની ઉપેક્ષા થયાની ફરિયાદ વિધાનસભામાં કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આદિવાસીઓ માટેનું નિગમ બંધ કરવામાં આવતાં તેમની ઝીણી ઝીણી બાબતો પર દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. દુકાન, બળદ, કૂવા, નાના વેપાર કે વાહનો ખરીદવા માટે મળતી લોન બંધ થઈ હોવાની હૈયાવરાળ ઠાલવતાં તેમણે જણાવ્યું કે, ભાજપ સરકારે રૂા.૧૭,૦૦૦ કરોડના જાહેર કરેલા વનબંધુ પેકેજથી મુખ્યમંત્રી પ્રધાનમંત્રી તો થઈ ગયા, પરંતુ ખરેખર આદિવાસીઓનું શું થયું તે તો કોઈ કહેતું જ નથી. સરકાર આદિવાસીઓના વિકાસની વાતો કરે છે પણ હમણાં અમારાં વિસ્તારમાં એક બહેન પૂછતાં હતાં કે, હવે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બની ગયા છે ત્યારે આપણા ૧૫ હજાર કરોડના પેકેજનું શું થયું? ત્યારે તેમની સાથેના ભાઈએ કહ્યું, હવે વાત જવા દો, "જંગલ મેં મોર નાચા, કિસને દેખા? કિસને દેખા?" જેવો ઘાટ છે.




**(૪) મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર)**

મોહનસિંહ રાઠવાએ સચોટ આંકડાઓ સહિત રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પાંચ વર્ષની રૂા.૪૦ હજાર કરોડથી વનબંધુ કલ્યાણયોજના જાહેર થઈ છે એટલે દરેક વર્ષમાં રૂા.૮૦૦૦ કરોડ ખર્ચાવા જોઈએ પરંતુ ૨૦૧૩-૧૪માં રૂા.૬૫૦૦ કરોડ જ ફાળવાયા છે. વાસ્તવમાં ૧૫ ટકા આદિવાસીઓની વસ્તી પ્રમાણે ૨૦૧૩-૧૪નો રૂા.૧.૩૭ લાખ કરોડના કુલ બજેટમાંથી જૂજ રકમ જ ફાળવાઈ છે, જ્યારે વાર્ષિક યોજનામાંથી તો ફક્ત ૧.૬૩ ટકા રકમ જ આદિવાસીઓના વિકાસ માટે ફાળવાઈ છે. ૨૦૧૨-૧૩માં પણ રૂા.૧૩,૭૧૬ કરોડની જોગવાઈ પછ રૂા.૭૩૫ કરોડ વણવપરાયેલા રહ્યા હતા. ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ પણ ખૂબ ઓછી રકમ ફાળવાઈ છે અને ફાળવણી પછી પણ પૂરેપૂરો ખર્ચ થતો નથી. આ ઉપરાંત તેમણે એકલવ્ય મોડેલ સ્કૂલો, છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં પણ ઓછી નાણાકીય ફાળવણી, સ્ટાફની ઘટ બાબતે રજૂઆતો કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ડી-સેગ સંસ્થામાં કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર ચાલતો હોઈ આ સંસ્થાને તાત્કાલિક બંધ કરી દેવી જોઈએ.

**(૫) આનંદ ચૌધરી (માંડવી, સુરત)**


નવનિયુક્ત ધારાસભ્યશ્રી આનંદ ચૌધરીએ પેટાચૂંટણીમાં ભવ્ય વિજય બાદ વિધાનસભાના



પ્રથમ સત્રમાં જ ધારદાર રજૂઆતો કરી હતી. તેમણે ઇતિહાસમાં પ્રથમ વાર વિધાનસભામાં 'નકસલવાદ' શબ્દનો પ્રયોગ કર્યો હતો. તેમણે સણસણતો આક્ષેપ કર્યો હતો કે, જંગલમાં વસતાં આદિવાસીઓ પોતાની જમીન માટે સરકાર સામે આંદોલન કરે તો તેને 'નકસલવાદ'માં ખપાવીને આંદોલનને કચડી નાખવામાં આવે છે. 'નકસલવાદ' શબ્દનો ઉલ્લેખ થતાં જ વિધાનસભામાં ભારે વિરોધ થયો હતો, પરંતુ આનંદભાઈએ સહેજ પણ ચલિત થયા વિના કહ્યું કે, સરકારના આ વલણનો હું પોતે ભોગ બનેલો છું. આંદોલન છેડવામાં આવ્યું ત્યારે તેમની સામે પોલીસકેસ દાખલ કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, જંગલમાં વસતાં આદિવાસીઓની આજીવિકા તેમની જમીન છે. સરકાર આ વાત સારી રીતે જાણતી હોવા છતાં જ્યારે આદિવાસી લોકો જમીનના હક મેળવવા આંદોલન કરે ત્યારે તેને નકસલવાદ સાથે જોડીને દમન ગુજારવામાં આવે છે. સરકારના વલણ સામે રોષ વ્યક્ત કરતાં કહ્યું કે, સમગ્ર આદિવાસી પૂર્વ પટ્ટામાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. અમે સરકાર સામે ઝૂકવાના નથી અને જ્યારે આદિવાસીઓને જમીનના મુદ્દે અન્યાય થશે ત્યારે તેઓ તેની આગેવાની લેશે. સરકાર સામેના આંદોલનમાં તેઓ સૌ પ્રથમ રહેશે.


**(૬) ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર)**



ગેંદાલભાઈ ડામોરે તેમના વિસ્તારના ભવ્ય ભૂતકાળને ટાંકીને રચનાત્મક સૂચનો કર્યાં હતાં. તેમણે જણાવ્યું કે સંતરામપુર-રાજસ્થાન સરહદ પાસે માનગઢ હિલ આવેલો છે. અહીંના આદિવાસીઓએ ૧૮૮૧થી ૧૯૨૧ સુધી અંગ્રેજો સામે લડીને શહીદી વહોરી હતી. આદિવાસીઓ માટે આ તીર્થભૂમિ છે. સરકારે આ માનગઢ હિલનો વિકાસ કરવો જોઈએ અને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવું જોઈએ તો જ શહીદોની અમરગાથા જીવતી રાખી શકાશે. તેમણે

કહ્યું કે, આ ભાજપ સરકાર વર્ષમાં અનેક ઉત્સવો ઉજવે છે. યુનોએ ઠરાવ કરીને તા.૯ ઓગસ્ટને વિશ્વ આદિવાસી દિન જાહેર કર્યો છે. ગુજરાતની ભાજપ સરકારે ૯ ઓગસ્ટને આદિવાસી દિન તરીકે માન્યતા આપીને તેની ઉજવણી કરવી જોઈએ. અત્યારે સરકાર કશું કરતી નથી, માટે અમે અમારી રીતે આદિવાસી દિન ઊજવીએ છીએ પરંતુ સરકારનું પ્રોત્સાહન મળે તો આદિવાસીઓને પોતાની સાંસ્કૃતિક ધરોહર માટે વધુ માન ઊપજે.


તેમણે એવો ઘટસ્ફોટ કર્યો હતો કે, ચાર મહિના પહેલાં ડી-સેગમાં રૂ.૧૧.૬૦ કરોડની જંગી રકમની ઉચાપત થઈ છે. અને સંસ્થાનો જે કર્મચારી પકડાયો તેની પાસેથી ૧૦ કિલો સોનું મળ્યું છે. ડી-સેગમાં આવો કેવો વહીવટ? તેમણે એવો પણ વ્યંગ કર્યો હતો કે, આ સરકાર આદિવાસી સંસ્કૃતિને અનુરૂપ આ સમાજનો વિકાસ કરે.



**(૭) ડૉ. અનિલભાઈ જોષીયારા (ભિલોડા)**

ડૉ. અનિલભાઈ જોષીયારાએ જણાવ્યું હતું કે, આદિવાસીઓનો જંગલની જમીન આપવાના કાયદાના અમલમાં ગુજરાત દેશમાં ૧૧મા ક્રમાંકે છે. સરકાર વધુ જમીન આપવી ન પડે તે માટે નિયમો શોધી રહી છે. રાજ્યમાં ૯.૧ ટકાથી વધુ વનવિસ્તાર વિસ્તર્યો નથી. દર વર્ષે ૧.૫૦ કરોડ રોપા વાવીને બીજા વર્ષે ફરી વાવવાનું કૌભાંડ ચાલતું હોવાનો તેમણે આરોપ મૂક્યો હતો. તેમણે આદિવાસીઓની ગ્રાન્ટ શહેરોમાં, દરિયાઈ પટ્ટીમાં ખર્ચાતી હોવાની પણ રજૂઆત કરી હતી.

**(૮) મોતીભાઈ વસાવા**



ધારાસભ્યશ્રી મોતીભાઈ વસાવાએ કોંગ્રેસના આક્ષેપોનો જવાબ આપતાં કહ્યું કે, ગરીબ કલ્યાણમેળામાં એક વાર આવો તો ખબર પડે કે, આદિવાસી ભાઈ કેવો હસતો-કૂદતો, નાચતો-ગાતો આવીને હોંશે હોંશે ડીઝલ એન્જિન સહિતની સામગ્રી લઈ જાય છે. તેની ખુશીનો પાર નથી હોતો.

**આક્ષેપ - પ્રતિઆક્ષેપ**

કોંગ્રેસના ધારાસભ્યોએ આક્ષેપ કર્યો છે કે, સરકાર આદિવાસીઓની જરૂરિયાત મુજબનું બજેટ ઘડતી નથી પરંતુ માત્ર આંકડાઓ મેળવવા માટે જ બજેટ બનાવે છે. આદિવાસીઓનું બજેટ આદિજાતિ વિકાસવિભાગ હસ્તક નથી અને નાણાવિભાગમાંથી જુદા જુદા વિભાગોમાં જતું હોવાથી આદિવાસીઓને કોઈ ફાયદો થતો નથી. ડી-સેગય માત્ર એનજીઓને ફાયદો કરાવવા માટે નાણાં ફાળવે છે. આ સંસ્થા સાથે આદિજાતિ વિકાસ પ્રધાનને પણ કંઈ લાગતું-વળગતું નથી. ડી-સેગને કારણે એનજીઓ માટે 'અચ્છે દિન' આવી ગયા હોવાનો આક્ષેપ કોંગ્રેસના ધારાસભ્યોએ કર્યો છે.

કોંગ્રસના ધારાસભ્યોએ સરકારના વનબંધુના નામે જાહેર કરેલ પેકેજોને આદિવાસીઓની મશ્કરી સમાન ગણાવ્યાં હતાં તેમ જ આદિવાસીઓ માટે ફાળવવામાં આવતા બજેટનાં નાણાં ખર્ચાયા વિના પરત જતાં હોવાનું અને બજેટ પણ ઓછું ફાળવવામાં આવતું હોવાનો સરકાર પર આક્ષેપ કર્યો હતો. જેમાં ૨૦૧૨-૧૩માં રૂ.૧૧.૧૯ કરોડ અને ૨૦૧૩-૧૪માં રૂ.૫૫૯.૬૨ કરોડ રૂપિયા ખર્ચાયા વિના પરત ગયા હતા.

ધારાસભ્યો દ્વારા એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, વર્તમાન રાજ્ય સરકાર બંધારણની જોગવાઈ પ્રમાણે આદિવાસીઓના વિકાસ માટે પૂરતા નાણા નહીં ખર્ચી આદિવાસીઓ પ્રત્યે ઓરમાયું વર્તન રાખે છે તથા વનબંધુ કલ્યાણ યોજનાના અમલ માટે ઊભી કરેલી સંસ્થા 'ડી-સેગ' ભ્રષ્ટાચારથી ખદબદતી હોઈ તે બંધ કરી દેવી જોઈએ. ડી-સેગ છે ત્યાં સુધી આદિવાસીઓનું હિત જોખમમાં જ રહેશે. તેથી તેને વહેલામાં વહેલી તકે વિખેરી નાખવાની માગણી પણ કરવામાં આવી હતી.

કોંગ્રેસના ધારાસભ્યોએ ભાજપના શાસનમાં આદિવાસીઓને અન્યાય થતો હોવાનો આક્ષેપ કરી આદિવાસીઓને દયનીય સ્થિતિમાંથી ઉગારવા નક્કર આયોજન કરવા માંગ કરી હતી ત્યારે ભાજપના ધારાસભ્યોએ કોંગ્રેસનો ભૂતકાળ ઉખેડીને આદિવાસીઓનો વિકાસ ભાજપ સત્તામાં આવ્યા પછી જ થયો હોવાનો દાવો કરી કોંગ્રેસે તો આદિવાસીઓનો મતબેંક તરીકે ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યો હતો.

**સૂત્રો :**

★ અમને 'વનબંધુ' નહીં, આદિવાસી તરીકે જ ઓળખો.

★ આદિવાસી કલ્યાણ નામે D-SAGમાંથી NGOને કરોડોની લ્હાણી થઈ.

★ રૂ.૧૭ હજાર કરોડનું 'વનબંધુ' પેકેજ "જંગલ મેં મોર નાચા કિસને દેખા જેવું."

**મંતવ્ય :**

અંદાજપત્ર સર્વાંગી વિકાસ, છેવાડાનાં માનવીઓનાં વિકાસ માટેનું હોય તેવું જણાય છે. પરંતુ તેનો અમલ કેવો અને કેટલો થાય છે તે જોવાનું રહેશે. ઉપર જોયા પ્રમાણે અંદાજપત્રમાં જોગવાઈ કરેલ ગ્રાન્ટમાંથી વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ.૧૧૪.૧૯ કરોડ અને ૨૦૧૩-૧૪માં રૂ.૫૫૯.૬૦ કરોડ રૂપિયા ખર્ચાયા વિના - વણવપરાયેલ પરત કરાયા છે જે ગંભીર બેદરકારી છે. આટલી જંગી રકમની ગ્રાન્ટમાંથી તો આદિવાસીઓ માટે ઘણાંબધાં કામો કરી શકાયાં હોત. વર્ષ ૨૦૧૪-૧૫ના વર્ષમાં આ પરિસ્થિતિનું પુનરાવર્તન ના થાય તેની સરકારશ્રીએ અને ચૂંટાયેલા આદિવાસી નેતાઓએ પૂરતી તકેદારી રાખવી જોઈએ. સરનામાં વગરના આદિવાસી પરિવારો કે જેઓ ગુજરાતમાં ખૂણે ખૂણે રસ્તાઓ-ફૂટપાથ પર રહીને કાળી મજૂરી કરે છે તેમનાં રહેઠાણ અને તેમનાં બાળકોના શિક્ષણ માટે તેમજ ગુજરાતમાં છૂટાછવાયાં શહેરોમાં વસતાં આદિવાસીઓ માટે પણ ઊંડાણપૂર્વક ચિંતન કરી નક્કર આયોજન કરવું જોઈએ. શ્રમ કલ્યાણ બોર્ડમાં પડેલી હજારો કરોડની ગ્રાન્ટ આદિવાસી મજૂરો માટે વપરાવી જોઈએ.

દૂરંદેશી અંદાજપત્રીય જોગવાઈ, આદિવાસી ધારાસભ્યો દ્વારા વિધાનસભામાં થયેલી ચર્ચા-રજૂઆતો-ફરિયાદો જોતાં તેમ જ વિધાનસભામાં આધુનિક યુગમાં ટેકનોસેવી નવયુવાન જાગૃત આદિવાસી ધારાસભ્યોની હાજરીથી હવે આશાનાં કિરણો દેખા દે છે. બાકી અંદાજપત્રોનું આવવું-જવું તો ચાલતું જ રહ્યું છે અને ચાલતું જ રહેવાનું છે.

**સંદર્ભ**

તા.૨૪-૦૭-૨૦૧૪નાં સમાચાર પત્રો ગુજરાત સમાચાર, સંદેશ, રખેવાળ, દિવ્ય ભાસ્કર અને નવગુજરાત સમય.

**(લેખક અમદાવાદના સામાજિક કાર્યકર છે.)**